# અગ્નિપથ યોજનાનો દેશમાં ભારે વિરોધ

## બિહારથી શરુ થયેલો વિરોધ દેશના અન્ય રાજ્યોમાં ફેલાયો, એમપી, યુપી, હરિયાણા, તેલંગાણા અને પશ્ચિમ બંગાળમાં અગ્નિપથ સામે વિરોધ પ્રદર્શન : સિકંદરાબાદમાં યુવકનું મોત, ૩૦૦ ટ્રેનોના સંચાલન ખોરવાયા

નવી દિલ્હી, તા.૧૭

સૈન્યમાં ભરતી માટે જાહેર કરાયેલી 'અગ્નિપથ' યોજના સામેનો વિરોધ શમવાનું નામ નથી લઈ રહ્યો. બિહારથી શરુ થયેલો હિંસક વિરોધ હવે દેશના અન્ય રાજ્યોમાં પણ ફેલાઈ રહ્યો છે. આજે તેલંગાણાના સિકંદરાબાદમાં પણ આ યોજના પાછી ખેંચી લેવાની માગ સાથે યુવાનો રસ્તા પર ઉતર્યા હતા, તેમજ ટ્રેનોનું સંચાલન ખોરવી નાખ્યું હતું. સિકંદરાબાદમાં હિંસક વિરોધ પ્રદર્શન દરમિયાન એક યુવકનું મોત થયા હોવાના પણ અહેવાલ છે. બીજી તરફ, એરફોર્સ ચીફ તેમજ આર્મી ચીફે અગ્નિવીર યોજના હેઠળ ૨૪મી જૂનથી નવી યોજના હેઠળ પસંદગીની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.આ વર્ષે સરકાર ૪૫,૦૦૦ અગ્નિવીરની ભરતી કરવાનો લક્ષ્યાંક ધરાવે છે.





આર્મી ચીફ જનરલ મનોજ પાંડેએ અગ્નિપથના વિરોધ અંગે પોતાની પ્રતિક્રિયા આપતા કહ્યું હતું કે, પ્રદર્શનકારીઓ આ યોજનાની યોગ્ય માહિતીથી અજાણ છે. તેમને તેના વિશે પૂરતી માહિતી મળી જશે ત્યારબાદ તેમને વિશ્વાસ થશે કે અગ્નિપથ યોજના ના માત્ર યુવકો પરંતુ સૌના માટે લાભદાયી છે.

તેમણે એમ પણ જણાવ્યું હતું કે, આગામી બે દિવસમાં જ અગ્નિપથ માટેનું નોટિફિકેશન જાહેર કરી દેવાશે. ત્યારબાદ આર્મી ભરતીનો વિગતવાર કાર્યક્રમ જાહેર કરશે. તેમણે કહ્યું હતું કે અગ્નિવીરની પહેલી બેન્ચની ટ્રેનિંગ ડિસેમ્બર ૨૦૨૨માં શરુ થશે, જ્યારે એક્ટિવ સર્વિસ ૨૦૨૩ના મધ્ય સુધીમાં શરુ થઈ જશે. બીજી તરફ, આ યોજનાનો વિરોધ કરતા આજે સિકંદરાબાદમાં હિંસક દેખાવો કરી રહેલા યુવાનોએ ૪-૫ ટ્રેન એન્જિનને આગ ચાંપી દીધી હતી, તેમજ ૨-૩ કોચને પણ નુકસાન પહોંચાડ્યું હતું. જેના કારણે સિકંદરાબાદ રેલવે સ્ટેશન પર ટ્રેનોનું સંચાલન રોકી દેવાની ફરજ પડી હતી. વિરોધની જ્યાંથી શરુઆત થઈ હતી તેવા બિહારમાં ત્રીજા દિવસે પણ હિંસક દેખાવો ચાલુ છે.

આજે ૧૫૦૦ જેટલા દેખાવકારોએ દાનાપુર રેલવે સ્ટેશનમાં તોડફોડ કરી હતી. પોલીસે તોડફોડ કરનારા ૨૪ લોકોની ધરપકડ કરી છે, જ્યારે સીસીટીવીના આધારે અન્ય લોકોને પકડવાની પ્રક્રિયા પણ શરુ કરાઈ છે. બિહાર, એમપી, યુપી, હરિયાણા અને તેલંગાણા બાદ હવે પશ્ચિમ બંગાળમાં પણ અગ્નિપથ સામે વિરોધ પ્રદર્શન શરુ થયું છે. પ્રાપ્ત વિગતો અનુસાર, દેખાવકારોએ હાવડા બ્રિજને બ્લોક કરી દીધો હતો, તેમજ ૨૪ પગરણા જિલ્લાના ભાટપુરામાં પણ આડશો મૂકીને રસ્તો બંધ કરી દીધો હતો. સિયાલદાહ-ઠાકુર નગર રેલવે સ્ટેશનમાં ઘૂસી ગયેલા દેખાવકારોએ ટ્રેક બ્લોક કરતાં ટ્રેનોનું સંચાલન ખોરવાયું હતું. સિલિગુડીના સિવોક રોડને પણ બંધ કરી દેવાતા ટુરિસ્ટ અટવાયા હતા. જ્યારે ગઈકાલે હિંસક દેખાવો થયા બાદ હરિયાણાના ગુરગાંવમાં કલમ ૧૪૪ લાગુ કરીને ચારથી વધુ લોકોના ભેગા થવા પર પ્રતિબંધ મૂકી દેવાયો છે. દિલ્હીમાં પણ વિદ્યાર્થી સંગઠનોએ દેખાવો શરુ કરતા આઈટીઓ મેટ્રો સ્ટેશનના તમામ દરવાજા બંધ કરી દેવાયા હતા.

ઉલ્લેખનીય છે કે, સરકારે મંગળવારે અગ્નિવીર યોજનાની જાહેરાત કરી હતી, જેમાં ૧૭.૫થી ૨૧ વર્ષના યુવાનો લશ્કરમાં ચાર વર્ષ માટે ભરતી થઈ શકે તેવી જોગવાઈ હતી. જોકે, બે વર્ષથી ભરતી ના થઈ હોવાથી વયમર્યાદા વટાવી ગયેલા ઉમેદવારોએ તેનો હિંસક વિરોધ શરુ કર્યો હતો. જેના કારણે સરકારે ઉપલી વયમર્યાદામાં બે વર્ષની છૂટ આપવાનો નિર્ણય ગઈકાલે મોડી સાંજે જાહેર કર્યો હતો. એર ચીફ માર્શલ વી.આર. ચૌધરીએ આ અંગે જાણકારી આપતા જણાવ્યું હતું કે, હવે ૨૩ વર્ષ સુધીની વય ધરાવતા યુવા અગ્નિવીર બની શકશે. એરફોર્સમાં ૨૪ જૂનથી અગ્નિપથ યોજના હેઠળ ભરતી પ્રક્રિયા શરુ થઈ જશે તેમ પણ તેમણે જણાવ્યું હતું.

# તોફાનો કરીને યુવાનો સેનામાં ભરતીનો રસ્તો બંધ કરી રહ્યા છે

### પૂર્વ આર્મી ચીફ જનરલ વી.પી.મલિકે કહ્યું : યુવાઓને ધીરજ રાખવા પૂર્વ સેના અધિકારીઓની અપીલ

નવી દિલ્હી, તા.૧૭

અગ્નિપથ સ્કીમનો વિરોધ કરીને રસ્તા પર આવનારા યુવાઓને ધીરજ રાખવા માટે સેનાના પૂર્વ અધિકારીઓ અપીલ કરી રહ્યા છે.

ખાસ કરીને હરિયાણા, યુપી, બિહાર, રાજસ્થાન, તેલંગાણામાં આ સ્કીમનો વિરોધ ઉગ્ર બન્યો છે. બીજી તરફ નિવૃત્ત મેજર જનરલ જી.ડી.બક્ષીનુ કહેવુ છે કે, આર્મીમાં હંમેશા શિસ્તને વરેલા લોકોની ભરતી થાય છે. યુવાઓ તોફાનો કરીને સેનામાં ભરતી થવાનો પોતાનો રસ્તો જાતે જ બંધ કરી રહ્યા છે. તેમણે કહ્યુ હતુ કે, સેનામાં ભરતી થવા માટે તોડફોડ કરવાનો કે અરાજકતા ફેલાવવાનો રસ્તો યોગ્ય નથી. દેખાવો જ કરવા હોય તો તે શાંતિપૂર્ણ રીતે થઈ શકે છે.

જ્યારે પૂર્વ આર્મી ચીફ જનરલ વી.પી.મલિકનુ કહેવુ છે કે, બે વર્ષ પહેલા સેનાની ભરતી સ્થગિત કરાઈ હતી. આ નિરાશાને સમજી શકાય છે, કારણકે ઘણા યુવાઓ આ સ્કીમ માટે ઓવરએજ થઈ ગયા છે.

સરકારે અને સેનાએ આ સ્કીમ અંગે યુવાઓને સમજાવવા માટે અને તેને યોગ્ય ઠેરવવા માટે પ્રયત્ન કરવા જોઈએ.

# દેશમાં ૧૨૮૪૭ કોરોનાના નવા કેસ એક્ટિવ કેસ ૬૩ હજારને પાર

### છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૧૪ સંક્રમિતોના મોત થયા છે : કુલ મૃત્યુઆંક ૫,૨૪,૮૧૭ પર પહોંચ્યો છે

નવી દિલ્હી, તા.૧૭

ભારતમાં કોરોના કેસમાં ગઈકાલ કરતાં આજે વધારો થયો છે. સતત બીજા દિવસે ૧૨ હજારથી વધારે કેસ નોંધાયા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૧૨,૮૪૭ નવા કેસ અને ૧૪ સંક્રમિતોના મોત થયા છે. એક્ટિવ કેસનો આંકડો ૬૩ હજારને પાર થયો છે. દૈનિક પોઝિટિવિટી રેટ ૨.૪૭ ટકા છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા મુજબ, દેશમાં એક્ટિવ કેસની સંખ્યા વધીને ૬૩,૦૬૩ થઈ છે.

જ્યારે કુલ મૃત્યુઆંક ૫,૨૪,૮૧૭ પર પહોંચ્યો છે. દેશમાં ૪,૨૬,૮૨,૬૯૭ લોકો કોરોના સામેજંગ જીત્યા છે. દેશમાં અત્યાર સુધીમાં ૧૯૫,૮૪,૦૩,૪૭૧ રસીના ડોઝ આપવામાં આવ્યા છે.જેમાંથી ગઈકાલે ૧૫,૨૭,૩૬૫ ડોઝ આપવામાં આવ્યા હતા. દેશમાં ૧૬ જાન્યુઆરી, ૨૦૨૧થી રસીકરણશરૂ થયું હતું.

# વિરોધ પ્રદર્શનમાં સિકંદરાબાદમાં હિંસામાં એકનું મોત, ૧૩ ઘાયલ

સિકંદરાબાદ, તા.૧૭

અગ્નિપથ સ્કીમ વિરુદ્ધ થઈ રહેલા પ્રદર્શન હવે જીવલેણ થઈ ગયુ છે. તેલંગાણાના સિકંદરાબાદમાં આજે ભારે હોબાળો મચ્યો. જેમાં એક વ્યક્તિનુ મોત નીપજ્યુ. ૧૩ લોકો ઈજાગ્રસ્ત થયા છે. તેલંગાણા સિવાય યુપી, બિહાર, દિલ્હી, ઉત્તરાખંડ, રાજસ્થાનમાં પણ અગ્નિપથ સ્કીમનો વિરોધ થઈ રહ્યો છે. પ્રદર્શનને જોતા ગૃહ મંત્રાલયે મોટો નિર્ણય લીધો છે. ત્યાં સીઆરપીએફની ત્રણ કંપનીઓને મોકલવામાં આવશે. મળતી માહિતી પ્રમાણે સિકંદરાબાદમાં અગ્નિપથ સ્કીમ વિરુદ્ધ પ્રદર્શન થઈ રહ્યુ હતુ. ત્યાં ટ્રેનમાં આગ લગાડી દેવાઈ હતી. આ સાથે જ ભારે તોડફોડ કરવામાં આવી હતી. પથ્થરમારાના વીડિયો પણ સામે આવ્યા હતા.

રેલવે સ્ટેશન પર એક તરફ પોલીસવાળા ઉભા હતા. બીજી તરફ પ્રદર્શનકારી. પ્રદર્શનકારી તરફથી પોલીસ પર સતત પથ્થરમારો થઈ રહ્યો હતો. સ્ટેશન પર પથ્થરોનો ઢગલો હતો.

વિરોધ પ્રદર્શન દરમિયાન કુલ ૧૭ રાઉન્ડ ફાયરીંગ થયુ. જેમાં ૧ વ્યક્તિનુ મોત નીપજ્યુ. ૧૩ લોકો ઈજાગ્રસ્ત છે. જેમાંથી એકની હાલત ગંભીર છે. સિકંદરાબામાં બે વિદ્યાર્થીઓની હાલત ગંભીર હતી.


સિકંદરાબાદ રેલવે સ્ટેશન પર થયેલા હોબાળા બાદ તેલંગાણામાં બાકી જગ્યાઓ પર પોલીસ એલર્ટ થઈ ગઈ હતી. પોલીસ અધિકારીએ કહ્યુ હતુ કે શાંતિથી પ્રદર્શન કરી રહેલા લોકોથી તેમને કોઈ વાંધો નથી પરંતુ સરકારી સંપત્તિ સળગાવવાથી યુવાનોનુ ભવિષ્ય જોખમમાં પડશે.

# સત્યેન્દ્ર જૈન સાથે સંકળાયેલા ૧૦ સ્થળ પર ઈડીના દરોડા

### દિલ્હીના સ્વાસ્થ્ય મંત્રી સત્યેન્દ્ર જૈનના ઠેકાણાઓ પર બે સપ્તાહની અંદર આ બીજી વખત દરોડો પડ્યો

નવી દિલ્હી, તા.૧૭

જેલમાં બંધ દિલ્હીના સ્વાસ્થ્ય મંત્રી સત્યેન્દ્ર જૈન સાથે સંકળાયેલા ૧૦ ઠેકાણાઓ પર આજે સવારે દરોડો પાડવામાં આવ્યો હતો. ઈડીએ દિલ્હી-એનસીઆરમાં આવેલા આ તમામ સ્થળોએ દરોડો પાડ્યો હતો. આ ઉપરાંત ઈડીના અધિકારીઓએ લાલા જીવન વિજ્ઞાન ટ્રસ્ટ તથા કરોલ



બાગ મસાલે (કેબીએમ)ના માલિકના ઠેકાણાઓ પર પણ દરોડો પાડ્યો છે.

સત્યેન્દ્ર જૈનના ઠેકાણાઓ પર બે સપ્તાહની અંદર આ બીજી વખત દરોડો પડ્યો છે. અગાઉ ગત ૬ જૂનના રોજ પણ ઈડીના અધિકારીઓએ જૈન સાથે સંકળાયેલા સ્થળોએ દરોડો પાડ્યો હતો. સત્યેન્દ્ર જૈન મની લોન્ડ્રિંગના કેસમાં હાલ ગત વખતના દરોડા દરમિયાન ઈડી દ્વારા કથિતરૂપે એવો દાવો કરવામાં આવ્યો હતો કે, દિલ્હી સરકારના મંત્રી સત્યેન્દ્ર જૈન તથા તેમના સાથીદારોના ત્યાં પાડવામાં આવેલા દરોડામાં કરોડો રૂપિયાની રોકડ તથા ઘરેણાંઓ મળી આવ્યા છે. એવો દાવો કરવામાં આવ્યો હતો કે, દરોડા દરમિયાન પ્રકાશ જ્વેલરના ત્યાંથી ૨.૨૩ કરોડની રોકડ મળી આવી હતી જ્યારે અન્ય એક સહયોગી વૈભવ જૈનના ત્યાંથી ૪૧.૫ લાખની રોકડ તથા સોનાના ૧૩૩ સિક્કાઓ મળી આવેલા. જ્યારે જીએસ મથારૂના ત્યાંથી ૨૦ લાખ રૂપિયાની રોકડ મળી આવી હતી.

ઈડીના કહેવા પ્રમાણે દરોડા દરમિયાન અનેક મહત્વના દસ્તાવેજો તથા ડિજિટલ રેકોર્ડ પણ જપ્ત કરવામાં આવ્યા હતા. સાથે જ કુલ ૨.૮૫ કરોડ રૂપિયાની રોકડ તથા સોનાના ૧૩૩ સિક્કા મળી આવ્યા છે જેનું વજન ૧.૮૦ કિગ્રા જેટલું થાય છે. આ તમામ વસ્તુઓના સ્ત્રોત અંગે કોઈ જાણકારી નહોતી મળી શકી.

# આસામ-મેઘાલયમાં પૂરનો પ્રકોપ



નવી દિલ્હી, તા.૧૭

દેશના કેટલાક ભાગમાં હજુપણ આગ ઓકતી ગરમી પડી રહી છે અને લોકો વરસાદી છાંટાની રાહ જોઈ રહ્યા છે. પરંતુ કેટલાક રાજ્ય એવા છે જ્યાં અત્યારે વરસાદ આફત બનીને ત્રાટક્યો છે. અસમમાં અત્યારે વરસાદે હાહાકાર મચાવ્યો છે અને હજારો ગામ પૂરની ચપેટમાં છે. તો બીજી તરફ મેઘાલયમાં પણ વરસાદ અને પૂરથી હાલત સંકટગ્રસ્ત બની ગઈ છે. લોકોનું જનજીવન સંપૂર્ણપણે અસ્ત વ્યસ્ત થઈ ગયું છે. અસમના બજલી, વક્સા, બારપેટા, વિશ્વનાથ, બોંગાઈગામ, ચિરાંગ, દરાંગ, ધેમાજી, ડિબ્રૂગઢ, ધુબરી, દીમા હસાઓ, ગોલાપારા, હોજઈ, કામરૂપ અને કામરૂપ મેટ્રોપોલિટન સહિત ૨૫ જિલ્લામાં પૂરથી ૧૧ લાખથી વધુ લોકો પ્રભાવિત થયા છે.

જ્યારે ગોલપારા, દીમા હસાઓ અને ઉદલગુરીમાં ચાર લોકોનું પૂરની ઘટનાઓમાં મોત થયું છે. રાજ્યમાં મૃતકોની સંખ્યા અત્યાર સુધી ૪૬ થઈ ગઈ છે. અસમમાં ગત ત્રણ દિવસથી મૂશળાધાર વરસાદ થઈ રહ્યો છે અને હવામાન વિભાગે શુક્રવારે અને શનિવાર માટે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. રાજ્યમાં વરસાદ અને પૂરના લીધે સ્થિતિ બદતર થઈ ગઈ છે. અસમ રાજ્ય ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી દ્વારા બુલેટિનના અનુસાર વરસાદ અને પૂરના લીધે ૧૩ ચેકડેમ તૂટી ગયા, ૬૪ રસ્તા અને ઘણા પૂલ ક્ષતિગ્રસ્ત થયા છે. બ્રહ્મપુત્ર અને તેની સહાયક નદીઓમાં જળસ્તર વધી રહ્યું છે, જ્યારે માનસ, પગલાડિયા, પુથિમારી, કોપિલી અને ગોરંગા નદીઓ ઘણી સ્થળો પર ખતરાથી ઉપર વહી રહી છે.

# અશોક ગેહલોતના ભાઈને ત્યાં સીબીઆઈના દરોડા

### ખાતર કૌભાંડ કે અન્ય મામલે કાર્યવાહી કરાઈ તે અસ્પષ્ટ : અગ્રસેનના જોધપુર સ્થિત આવાસ ખાતે દરોડાની કામગીરી હાથ ધરાઈ, તેમના મંડોર ખાતેના મકાનમાં પણ તપાસ

નવી દિલ્હી, તા.૧૭

રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોતના ભાઈ અગ્રસેનના અનેક ઠેકાણાઓ પર સીબીઆઈએ દરોડો પાડ્યો છે. અગ્રસેનના જોધપુર સ્થિત આવાસ ખાતે દરોડાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. ઉપરાંત સીબીઆઈના અધિકારીઓ તેમના મંડોર ખાતેના મકાનમાં પણ શુક્રવાર સવારથી તપાસ કરી રહ્યા છે.



અગાઉ ઈડી દ્વારા પણ આ પ્રકારે દરોડો પાડવામાં આવેલો છે. જોકે હજું સુધી એ સ્પષ્ટ નથી થઈ શક્યું કે, સીબીઆઈ દ્વારા ખાતર કૌભાંડ મામલે દરોડો પાડવામાં આવ્યો છે કે, અન્ય કોઈ કેસ અંતર્ગત કાર્યવાહી થઈ રહી છે.

અગ્રસેન ગેહલોત પર યુપીએ સરકાર દરમિયાન વર્ષ ૨૦૦૭થી ૨૦૦૯ દરમિયાન સબસિડીવાળા ખાતરની નિકાસ કરવાનો આરોપ છે. ખેડૂતોને સબસિડી પર મળતા મ્યુરિએટ ઓફ પોટાશની વિદેશમાં નિકાસ કરવા મામલે કસ્ટમ ડિપાર્ટમેન્ટે અગ્રસેન ગેહલોતને ૬૦ કરોડ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો. આ કેસમાં અગાઉ ઈડીએ પણ તેમના ઘર સહિતના સ્થળોની તપાસ કરી હતી. ઉપરાંત ગત વર્ષે સપ્ટેમ્બર મહિના દરમિયાન આશરે ૭ કલાક સુધી તેમની પુછપરછ ચાલી હતી.

રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોત રાજસ્થાન રાજ્યસભાની ૩ બેઠકો પર મળેલા વિજય બાદ ઉત્સાહિત છે તેવા સમયે જ આ દરોડો પાડવામાં આવ્યો છે. અશોક ગેહલોત હાલ દિલ્હીમાં ઈડી દ્વારા રાહુલ ગાંધીની પુછપરછ કરવામાં આવી તે દરમિયાન જે વિરોધ પ્રદર્શનો થયા તેમાં સક્રિય જણાયા છે.

# ગુજરાત સેન્ટ્રલ યુનિવર્સિટીના નવા કેમ્પસનું આજે ભૂમિપૂજન થશે

### વડાપ્રધાન નરેન્દ્ર મોદી વડોદરાને આપશે મોટી ભેટ : રૂપિયા ૬૬૦.૨૬ કરોડના પાણી વિતરણ પ્રોજેક્ટનું ઉદ્‌ઘાટન અને ભૂમિપૂજન

ગાંધીનગર, તા.૧૭

વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી તેમની ગુજરાત મુલાકાતે આવી રહ્યા છે. આ દરમિયાન તેઓ વડોદરાને કેન્દ્રીય યુનિવર્સિટીના રૂપમાં મોટી ભેટ આપવા જઈ રહ્યા છે. આજે વડાપ્રધાન ગાંધીનગર ખાતે સેન્ટ્રલ યુનિવર્સિટીના નવા કેમ્પસનું ભૂમિપૂજન કરશે. તેમની મુલાકાત દરમિયાન, પીએમ પાણી વિતરણ સંબંધિત અનેક વિકાસ યોજનાઓનું ઉદ્‌ઘાટન અને ભૂમિપૂજન પણ કરશે. મહત્વપૂર્ણ વાત એ છે કે, છેલ્લા બે મહિનામાં વડાપ્રધાનની આ ચોથી ગુજરાત મુલાકાત હશે, જ્યાં તેઓ વિકાસના વિવિધ પ્રોજેક્ટ્સ જનતાને સમર્પિત કરશે.

ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં આવેલી સેન્ટ્રલ યુનિવર્સિટીનું નવું કેમ્પસ વડોદરા નજીક ડભોઈ તાલુકાના કુંઢેલા ગામમાં રૂપિયા ૭૪૩ કરોડના ખર્ચે બનાવવામાં આવશે. રાજ્ય સરકારે આ પ્રોજેક્ટ માટે ૧૦૦ એકર જમીન ફાળવી છે.

રાજ્યની શિક્ષણ વ્યવસ્થામાં ગુજરાત સરકારના પ્રયાસો તેમજ આ પ્રોજેક્ટ વિશે વાત કરતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, "પ્રાથમિક શિક્ષણથી લઈને ઉચ્ચ શિક્ષણ સુધી, ટેકનિકલ શિક્ષણથી લઈને સેક્ટર સ્પેસિફિક એજ્યુકેશન સેક્ટર સુધી, વડાપ્રધાનશ્રીએ શિક્ષણનો ૩૬૦ ડિગ્રી વિકાસ કર્યો છે. થોડા મહિના પહેલા જ વડાપ્રધાનશ્રી એ રક્ષાશક્તિ યુનિવર્સિટી અને ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીને રાષ્ટ્રીય દરજ્જો આપીને ગુજરાતને મોટી ભેટ આપી હતી. સેન્ટ્રલ યુનિવર્સિટીનું આ નવું કેમ્પસ આપણી નવી યુવા પેઢી માટે ગુણવત્તાયુક્ત શિક્ષણની ખાતરી તો આપશે જ, સાથે તે તેમને રાષ્ટ્રીય અને આંતર રાષ્ટ્રીય સ્તરે વિશાળ તકો પણ પ્રદાન કરશે.''

ગુજરાત સેન્ટ્રલ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડો. રમાશંકર દુબેએ આ પ્રોજેક્ટ વિશે વાત કરતા જણાવ્યું કે, "ગુજરાત સેન્ટ્રલ યુનિવર્સિટીનું આ નવું કેમ્પસ સંપૂર્ણપણે રહેણાંક, ગ્રીન કેમ્પસ અને આધુનિક સુવિધાઓથી સજ્જ હશે,



ભલે પધાર્યા - પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી બે દિવસની ગુજરાતની મુલાકાતે પધારતા એરપોર્ટ પર રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્ર પટેલે આવકાર્યા હતા.... આ પ્રસંગે પ્રદેશ ભાજપના પ્રમુખ સી. આર. પાટીલ, પ્રોટોકોલ મંત્રી જગદીશ વિશ્વકર્મા, અમદાવાદના મેયર લાલજીભાઈ પરમાર, મુખ્યમંત્રીના મુખ્ય સચિવ કૈલાસનાથન, રાજ્યના પોલીસ વડા આશિષ ભાટીયા સહિત પદાધિકારીઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.